# શિયાળામાં પપૈયા અને તેના બીજ સ્વાસ્થ્ય માટે ગુણકારી



## બજારોમાં પપૈયાની આવક પણ વધારે જોવા મળી રહી છે.શિયાળામાં લોકો વિવિધ ફળ ખાવાનું પસંદ કરી રહ્યા છે જેમાંનું એક પપૈયું છે

શિયાળાની ઋતુમાં પેટમાં દુખાવો, કબજિયાત અને અપચોથી પીડાતા લોકો માટે પપૈયાના બીજ વરદાન સાબિત થઈ શકે છે. જેના કારણે ત્વચાની શુષ્કતા પણ દૂર થાય છે. ત્યારે તે પોતાની સાથે અનેક બીમારીઓ લઈને આવે છે. ઠંડીમાં ભેજને કારણે ફૂગ અને બેક્ટેરિયા ઝડપથી વધે છે. આ સમયે, નબળી રોગપ્રતિકારક શક્તિને કારણે, લોકો વિવિધ રોગોનો શિકાર બને છે.આ ઋતુમાં પેટ સંબંધિત સમસ્યાઓ વધવા લાગે છે. મોટાભાગના લોકો અપચો, પેટમાં દુખાવો અને કબજિયાતની સમસ્યાથી પરેશાન છે. તમને જણાવી દઈએ કે શિયાળામાં જોવા મળતું એક ફળ તમને મોસમી રોગોના જોખમથી બચાવી શકે છે. હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે આ ફળનું સેવન કરવાથી તમે માત્ર પેટ જ નહીં પરંતુ ત્વચાની શુષ્કતા પણ દૂર કરી શકો છો. ફળની જેમ તેના બીજ પણ ખૂબ જ ફાયદાકારક છે.

### પપૈયાના બીજના ફાયદા :

૧. પપૈયા ખાનારા મોટા ભાગના લોકો તેના બીજ કચરામાં ફેંકી દે છે, પરંતુ હેલ્થ એક્સપર્ટનું કહેવું છે કે પપૈયાની જેમ તેના બીજ પણ ખૂબ જ ફાયદાકારક છે. તેમાં મેગ્નેશિયમ, ફોસ્ફરસ, પ્રોટીન અને કેલ્શિયમ સહિત ઘણા પોષક તત્વો ભરપૂર માત્રામાં જોવા મળે છે. આ સિવાય આ બીજમાં એન્ટીઓક્સીડેન્ટ પણ હોય છે.

૨. પપૈયાના બીજનો ઉપયોગ કરવા માટે, તમારે તેને સૂકવીને પાવડર બનાવવો પડશે અને તે પાવડરનો ઉપયોગ કરવો પડશે. પપૈયાના બીજમાં એન્ટીબેક્ટેરિયલ ગુણ જોવા મળે છે. તે ફૂડ પોઈઝનિંગની સમસ્યાને દૂર કરવાનું કામ કરે છે. તેમાં રહેલા ફાઈબર પેટની સમસ્યાઓને દૂર કરે છે. પપૈયાના બીજનો પાવડર લીવર માટે ફાયદાકારક માનવામાં આવે છે.

૩. પપૈયાના બીજ શરદી અને ફ્લૂ અને અન્ય મોસમી રોગોમાં ખૂબ જ અસરકારક સાબિત થાય છે. હૃદયની બીમારીઓ માટે તે વરદાનથી ઓછું નથી. તેનાથી હાર્ટ એટેકનો ખતરો ઓછો થાય છે અને બીપી કંટ્રોલમાં રહે છે.

# રામપુરા-ટીંટોડા માર્ગ બંધ કરાતા ગ્રામજનોને હાલાકી

## રોજબરોજના અવરજવરનો માર્ગ બંધ થઈ જતા બાળકોને શાળાએ જવાની પણ મુશ્કેલી પડતા જિલ્લા કલેક્ટરને રજૂઆત

ગાંધીનગર તા. ૨૫

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામે રામપુરા-ટીંટોડા માર્ગ પર રેલ્વે લાઈનના ચાલી



રહેલા કામને અનુલક્ષીને માર્ગ બંધ કરવામાં આવતા ટીંટોડાના પરા વિસ્તારના ગ્રામજનોને ભારે પરેશાનીનો સામનો કરવો પડી રહ્યો છે જેને અનુલક્ષીને ટીટોડા ગામના ગ્રામજનો દ્વારા રામપુરા ટીટોડા માર્ગની પુનઃ ચાલુ કરવા જિલ્લા કલેકટર સમક્ષ માંગ કરી હતી. ગઈકાલે ટીટોડાના ગ્રામજનોએ રેલવે લાઈન પાસે એકઠાં થઈને દેખાવો કર્યા હતા અને આ માર્ગ બંધ હોવાને કારણે બાળકોને શાળાએ જવાની પણ ખૂબ જ તકલીફ પડી રહી છે તેવી રજૂઆત કરી હતી.

તેમની રજૂઆત અનુસાર ટીંટોડા ગામ તેમજ રામપુરાના ગ્રામજનોનું આ રોજબરોજનો રસ્તો છે અને અહીં દિવસ દરમિયાન સતત અવરજવર ચાલુ રહે છે જેના કારણે કોઈપણ વૈકલ્પિક વ્યવસ્થા વગર આ રસ્તો બંધ કરી દેવાથી આ વિસ્તારના ગ્રામજનો તેમ જ વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમસ્યા અંગે ટીટોડા ગામના સરપંચ દ્વારા જિલ્લા કલેકટરને લેખિતમાં વિનંતી કરવામાં આવી છે કે રામપુરા ટીટોડા માર્ગની પુનઃ ચાલુ કરવામાં આવે જેથી ગ્રામજનોની પરેશાની દૂર થાય.

# કાંકરિયા કાર્નિવલને સીએમ ભૂપેન્દ્ર પટેલે ખુલ્લો મૂક્યો

## કાર્નિવલમાં આવનારા લોકોને માસ્ક પહેરવા અપીલ : ૩૧ ડિસેમ્બર સુધી કાર્નિવલનું આયોજન : કાર્નિવલમાં ગેટ નંબર ૧, ૨ અને ૩ કુલ ત્રણ જગ્યાએ સ્ટેજ રહેશે

અમદાવાદ, તા.૨૫

અમદાવાદમા કાંકરિયા કાર્નિવલને સીએમ ભૂપેન્દ્ર પટેલે ખુલ્લો મૂક્યો છે. , ત્યારે કોરોનાની ગાઈડલાઈન્સના પાલન સાથે આ કાર્નિવલનું આયોજન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવ્યું છે. કોરોનાને ધ્યાનમાં રાખી અને મ્યુનિસિપલ કોર્પોરેશને કાર્નિવલમાં આવનારા લોકોને માસ્ક પહેરવા અને ગાઈડલાઈન્સનું પાલન કરવા અપીલ કરી છે.મહાનગરપાલિકા દ્વારા કાર્નિવલ દરમિયાન ૧૦૦ જેટલા વોલેન્ટિયર રાખવામાં આવશે. જેઓ મુલાકાતીઓ પાસે કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન કરાવશે.

આજથી ૩૧ ડિસેમ્બર સુધી કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા કાર્નિવલમાં ગેટ નંબર ૧, ૨ અને ૩ કુલ ત્રણ જગ્યાએ સ્ટેજ રહેશે. રાજભા ગઢવી, વિજય સુંવાળા, સાંઈરામ દવે, ભૌમિક શાહ, આદિત્ય ગઢવી સહિતના કલાકારો પોતાનું પરફોર્મન્સ કરશે. રાત્રે ૧૦ વાગ્યે લેસર બીમ શો પણ યોજાશે. કાંકરીયા કાર્નિવલ દરમિયાન જુદા જુદા સ્થળોએ મેડિકલ ટીમ સહિતની મેડિકલવાનની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે જ વિખુટા પડી ગયેલા બાળકો માટે લોસ્ટ એન્ડ ફાઉન્ડેશનની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

અમદાવાદમાં બે વર્ષ બાદ ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલ ૨૦૨૨ ઊજવવામાં આવશે. ૨૫મી ડિસેમ્બરે સાંજે મુખ્યપ્રધાનના હસ્તે આ કાર્નિવલ ખુલ્લો મૂકવામાં આવશે. ૪.૫૦ કરોડના ખર્ચે કાર્નિવલ યોજાવા જઈ રહ્યો છે. લેસર શો, મલ્ટિમીડિયા શો વગેરેની નાનાં બાળકોથી લઈ અને મોટા લોકો કાંકરિયા કાર્નિવલની ખૂબ જ મજા માણી શકશે.

# કડવા પાટીદાર સમાજ દ્વારા શૈક્ષણિક ઈનામ વિતરણ તથા સન્માન સમારંભ યોજાયો




ગાંધીનગર, તા. ૨૫

કડવા પાટીદાર સમાજ, શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા ટ્રસ્ટીઓનું સન્માન, અન્નપૂર્ણ ભોજન દાતા અને શૈક્ષણિક ઈનામ વિતરણ, સરકારી નોકરીમાં નવ નિયુક્ત થયેલ કર્મચારી, ડૉકટર, પી.એચ.ડી થયેલ સમાજના તેમજ વિશિષ્ય પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન કે. પટેલ દ્વારા સમાજ ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ડૉ. યોગેશભાઈ આર.પટેલ દ્વારા યુવાનોની કારકિર્દી ઘડવા માટે યુથ એમ્પાવરમેન્ટ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં સમાજના હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, દાતાઓ, કારોબારી સભ્યો, શિક્ષણ ચેરમેન તેમજ સમાજના આગેવાનો અને સભ્યોએ હાજરી આપી હતી.

# સે-૨૧ના જાહેર શૌચાલયમાં દરવાજા સમયસર ખુલતાં નથી

## સવારે દસ વાગ્યે પણ જાહેર શૌચાલયમાં તાળા લાગેલા જોવા મળી રહયા છે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મનપા દ્વારા જાહેર જનતા માટે જાહેર શૌચાલયની સુવિધાઓ કરાઈ છે




અને જેમાં અવારનવાર જુદીજુદી ફરીયાદો આવી રહી છે. તાજેતરમાં સે-૨૧ જે જાહેર શૌચાલય છે ત્યાં તાળા લાગેલા જોવા મળી રહયા છે. જાહેર શૌચાલયની બહાર એક બોર્ડ લગાવેલ છે જેમાં જાહેર જનતાના ઉપયોગ માટેનો સમય સવારે નવ વાગ્યાથી રાત્રે આઠ વાગ્યા સુધી દર્શાવવામાં આવ્યો છે. જયાં સવારે દસ વાગ્યે પણ જાહેર શૌચાલયમાં તાળા લગાવેલા રહે છે. તેથી જાહેર જનતાને મુશ્કેલીઓ પડી રહી છે. સેકટર-૨૧ શોપીંગ સેન્ટરમાં આવેલ આ જાહેર શૌચાલયનો ઉપયોગ પર આ તાળાઓએ પ્રતિબંધ લગાડેલ હોય તેમ દસ વાગ્યે પણ લોક હોય છે. શોપીંગ સેન્ટરમાં લોકો જાહેર શૌચાલયનો વધારે ઉપયોગ કરતા જોવા મળે છે ત્યારે તાજેતરમાં આ જાહેર શૌચાલયમાં તાળા જોઈને જનતા પરેશાન બની રહી છે. હાલમાં આ જાહેર શૌચાલયમાં કારણ વગર લોક લગાડેલા જોઈ શોભાના ગાંઠીયા સમાન આ જાહેર શૌચાલય બનવા પામ્યું છે. શોપીંગ સેન્ટરમં લોકોની અવર વધારે રહેતી હોય છે તેવામાં શૌચાલયમાં તાળા જોઈને લોકોમાં રોષ પણ ફેલાઈ રહયો છે.

શહેરમાં આવેલા જાહેર શૌચાલયો અવારનવાર હાઈલાઈટમાં આવ્યા કરે છે. કયારેક ગંદકીના પ્રશ્નો તો કયારેક પાણીના અભાવનો પ્રશ્ન એમાં જનતાને મુશ્કેલી પડે છે. અગાઉ સેકટર-૨૪માં પાણી ન આવતું હોવાથી બુમરાળ ઉઠી હતી. જાહેર શૌચાલયમાં પાણીનો અભાવ, ગંદકી, તાળા હોવા દુર્ગંધ વગેરેના કારણે હજી પણ લોકો જાહેરમાં શૌચ કરતા નજરે પડે છે. જાહેર જનતા માટે બનાવેલ જાહેર શૌચાલયોમાં લોકોને મુશ્કેલી ન પડે તે મુજબની વ્યવસ્થાઓ કરવી તંત્રની જવાબદારી છે. સ્વચ્છતાના અભાવના કારણે લોકો જાહેર શૌચાલયોનો ઉપયોગ કરવાનું ટાળી રહયા છે.

# વાવોલ વિસ્તારમાં એટીએમની યોગ્ય સુવિધા ઉપલબ્ધ કરાવવા માંગ

ગાંધી.તા.૨૫

ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી વિકાસશીલ કાર્યો વધ્યા છે. વાવોલમાં કન્સ્ટ્રક્શન સાઈટ વધી રહી છે. કન્સ્ટ્રક્શન સાઈટ વધવાના કારણે વસ્તી પણ વધવા પામી છે. વાવોલમાં વર્ષો પહેલા જ્યાં ખેતરો જોવા મળતા હતા ત્યાં હાલમાં મોટા મોટા ફ્લેટ બનવા પામ્યા છે અને વાવોલથી ગોકુળપુરા વિસ્તારમાં વીઆઈપી હોટલ બની ગયા બાદ આ વિસ્તારમાં લોકોની અવરજવર વધી રહી છે. જેની સામે વાવોલમાં હજી પણ લોકોને સુવિધાઓનો અભાવ લાગી રહ્યો છે. વાવોલ ગામ એ.ટી.એમ. છે પણ ન્યુ વાવોલ વિસ્તારમાં લોકો એટીએમ માટે ફાંફાં મારતા રહે છે. ગામમાં જે એટીએમની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે તેમાં મોટા ભાગે લોકો ને પૈસા વગર પાછા ફરવાનો વારો આવે છે તેથી લોકો અહીંયા એટીએમની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે તેવી માંગ કરી રહ્યા છે.વાવોલ માં હવે સિટી જેવો માહોલ સર્જાયો છે અને હજી પણ વધારે વિકાસ જોવા મળશે પરંતુ લોકોને આ સુવિધાઓ ન મળતા સેકટરમાં લાંબુ થવું પડી રહ્યું છે.

વાવોલ થી ગોકુળ પૂરામાં વાહનો ની સંખ્યા પણ દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે આ માર્ગ પર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે તેવી પણ માંગ કરવામાં આવી છે. આ માર્ગ ઉપર અવારનવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. સાથે જ રખડતા ઢોરોનો પણ ત્રાસ જોવા મળી રહ્યો છે તેથી વાહનચાલકોમાં બહેનો માહોલ રહે છે. રખડતા ઢોરો ઉપરાંત કુતરાઓનો પણ ત્રાસ જોવા મળી રહ્યો છે. શિયાળામાં લોકો સવારે અને રાત્રે વોકિંગ કરવા માટે નીકળી રહ્યા છે ત્યારે રખડતા ઢોરો ના કારણે લોકોને મુશ્કેલીઓ પડી રહી છે. વાવોલ માં અંતરિયાળ રસ્તાઓ ચોમાસાના કારણે ધોવાઈ ગયા છે તેથી આ ઉબડખાબડ પ્રસ્તાવો થી વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા છે. તેથી આ રસ્તાઓ તાત્કાલિક પણે રિપેર કરવામાં આવે તેવી લોક માંગણી છે.

# લાકડાની ભારે અછતથી વેપારીઓમાં ચિંતાનું મોજુ

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં પરંપરાગત રીતે થતી દેશી વૃક્ષોની પ્રજાતિઓનુ ઉત્પાદન ઘટતા લાકડાની સો મીલ ચલાવતા વેપારીઓમાં ચિંતા વ્યાપી છે. જેની સામે ખેતરના શેઢે પાળે થતા વૃક્ષો પણ સરકારી નિયમોની જાળને કારણે ખેડૂતો ઉછેરતા ન હોવાની ફરીયાદો રહી છે. ત્યારે લાકડાના વેપારીઓને પડતી સમસ્યાના સમાધાન સાથે પર્યાવરણ જળવાય તેમજ ખેડૂતો પણ વૃક્ષો ઉછેરતા થાય, એવા ઉદ્દેશ્ય સાથે રાજ્યના મુખ્ય વન સંરક્ષકની ઉપસ્થિતિમાં બે દિવસીય સેમિનારમાં પ્રયાસો આરંભ્યા છે. ગુજરાતમાં લાકડાનો વેપાર કરતા સો મીલ સંચાલકોને લાંબા સમયથી પૂરતા પ્રમાણમાં અને ઉપયોગી લાકડા નહીં મળતા વેપાર ઉદ્યોગ પર માઠી અસર પડી છે. વેપારીઓનું ગુજરાત ટિમ્બર ફેડરેશન લાંબા સમયથી વન વિભાગમાં સમસ્યાના નિરાકરણ માટે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં થતી સ્થાનિક ૧૫ વૃક્ષોની જાતોને સરકારી નિયમોમાં સરળતા આપવા પ્રયાસો કરી રહી છે. કારણ વેપારીઓ જે લાકડુ આયાત કરે છે, એના ઉપર કસ્ટમ ડ્યુટી લાગવાથી મોંઘું પડે છે, જ્યારે સ્થાનિક સ્તરે લાકડુ નહીં મળતા આર્થિક નુકસાની વેઠવી પડે છે. ત્યારે રાજ્યના જિલ્લાઓમાં સ્થાનિક આબોહવા પ્રમાણે થતા લાકડા પૂરતા પ્રમાણમાં અને ગુણવત્તાયુક્ત મળી રહે, તો વેપારીઓને લાકડાની અછત ન વર્તાય અને ખેડૂતોને પણ પોષણક્ષમ ભાવ મળી રહે. જેની સાથે જ પર્યાવરણની જાળવણી પણ થાય. આ તમામ પ્રશ્નો ઉપર ચર્ચા વિચારણા કરી યોગ્ય નિષ્કર્ષ લાવવા ફેડરેશન દ્વારા પ્રયાસો હાથ ધરાયા.

# આઈઆઈટી ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એન્યુઅલ મીટ 'હોમ કમિંગ' યોજાઈ



ગાંધીનગર તા ૨૫

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી આઈઆઈટી-ગાંધીનગર ખાતે તા. ૨૨-૨૩ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની એન્યુઅલ મીટ 'હોમ કમિંગ'ની ચોથી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. બે દિવસીય ઈવેન્ટમાં અલગ-અલગ શાખાના અંડરગ્રેજ્યુએટ અને અનુસ્નાતક બેચના ૩૦૦થી વધુ આઈઆઈટી ગાંધીનગરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ એકબીજાને ઉત્સાહ આપવા અને જુના બોન્ડને નવીકરણ કરવા માટે વિશ્વભરમાંથી સંસ્થામાં એકત્ર થયા હતા.

પ્રથમ દિવસે, સંસ્થાએ પ્રથમ "યંગ એલ્યુમની એક્સેલન્સ એવોર્ડ્સ" સમારંભનું આયોજન કર્યું અને તેના ચાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીની શરૂઆતમાં વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠતા અને સફળતા હાંસલ કરવા બદલ પુરસ્કારો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

'હોમ કમિંગ ૨૦૨૨' નો બીજો દિવસ પણ ખૂબ જ ખાસ હતો કારણ કે સંસ્થાએ ૨૦૨૦ અને ૨૦૨૧ના વર્ગ માટે ગ્રાડ વૉક સમારોહ યોજવાની પહેલ કરી હતી, જેમણે ભૌતિક દીક્ષાંત સમારોહમાં હાજરી આપવાનો અનુભવ ગુમાવવો પડ્યો હતો, જે વર્ચ્યુઅલ રીતે બે માટે યોજવામાં આવ્યો હતો. વૈશ્વિક રોગચાળાને કારણે સતત વર્ષો. ઔપચારિક દીક્ષાંત ઝભ્ભો પહેરીને, આ બે બેચના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને તેમના પરિવારના સભ્યો યાદોને તાજી કરવા અને તેમના જીવનના આ મહત્વપૂર્ણ અધ્યાયને ઔપચારિક રીતે પૂર્ણ કરવામાં સમર્થ થવા માટે આનંદ અને સંતોષથી ચમક્યા હતા.

## હમણાં થોડાક દિવસ માટે

# બુધ ગ્રહના દર્શનની અમૂલ્ય તક



આકાશમાં વિવિધ ગ્રહો સાથે અવનવી સ્થિતિ માટે રહેલા કુતૂહલ અને રસ ધરાવનારા માટે હમણાં થોડા જ દિવસ માટે બુધ ગ્રહના દર્શનની અમૂલ્ય તક રહેલી છે.ખગોળવિદ ના જણાવ્યા મુજબ આકાશદર્શનની જેમને સામાન્ય પણ સમજણ છે તેમને ખ્યાલ જ હશે કે બુધ ગ્રહના નરી આંખે દર્શન કરવા એ જીવનનો લહાવો હોય છે!હમણાંના દિવસોમાં રોજ સાંજે પશ્ચિમ દિશામાં સૂર્યાસ્ત પછીની થોડી જ મિનિટો બાદ બુધ ગ્રહના એકદમ સરસ દર્શન થઈ રહ્યા છે.

બુધ ગ્રહ પ્રમાણમાં તેજસ્વી ગ્રહ છે, પરંતુ તે સૂર્યની નજીકમાં નજીકનો પ્રથમ જ ગ્રહ હોવાને કારણે તે સૂર્યની સાથે સાથે જ રહેતો હોવાથી સૂર્યની હાજરીમાં તો સૂર્યના પ્રકાશને કારણે તે જોઈ શકાતો નથી. જ્યારે તે સૂર્યથી વધુમાં વધુ દૂર હોવાની સ્થિતિએ આવે ત્યારે તેને કાં તો પૂર્વ દિશામાં સૂર્યોદય પહેલાં થોડી મિનિટો માટે અથવા સૂર્યાસ્ત પછી માત્ર થોડી મિનિટો માટે પશ્ચિમ દિશામાં દેખાય છે.

આકાશમાં વિવિધ ગ્રહો સાથે અવનવી સ્થિતિ માટે રહેલા કુતૂહલ અને રસ ધરાવનારા માટે હમણાં થોડા જ દિવસ માટે બુધ ગ્રહના દર્શનની અમૂલ્ય તક રહેલી છે, તો હમણાં આકાશ નિરભ્ર હોવાથી સાંજે પશ્ચિમ દિશામાં તે નિહાળી શકાશે, જે લાભ રસિકોએ વિદ્યાર્થીઓએ લેવા અનુરોધ કરાયો છે